(૧૫)

ક્રમાંક : ઈજર/વહટ/ફોટો/૧૧/૦૯/ ૧૫૨૪૯–૩૧૨

નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી,
"સ્ટેમ્પ અને નોંધણી ભવન"
સેકટર – ૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર
તા.૧૭/૧૧/૨૦૦૯

**વિષય : સ્થાવર મિલકતની તબદીલીના દસ્તાવેજોમાં મિલકતનો ફોટો દસ્તાવેજના ભાગ તરીકે સામેલ રાખવા બાબત**

**–: પરિપત્ર :–**

આથી રાજયના તમામ સબ રજીસ્ટ્રારશ્રીઓને જણાવવાનું કે, ભારતીય નોંધણી અધિનિયમ–૧૯૦૮ની કલમ–૨૧ અન્વયે નોંધણી અર્થે રજુ થતા દસ્તાવેજમાં મિલકતની સંપૂર્ણ અને સ્પષ્ટ ઓળખ થઈ શકે તે રીતે મિલકતનું વર્ણન દર્શાવવું જરૂરી છે.સબરજીસ્ટ્રાર કચેરીઓની તપાસણી દરમ્યાન ધ્યાને આવેલ છે કે–કેટલાક દસ્તાવેજોમાં મિલકતનું વર્ણન સંપૂર્ણ અને સ્પષ્ટ ઓળખ થઈ શકે તે રીતનું એટલે કે મિલકત રહેણાંક/વેપારી/ઔદ્યોગિક/ખેતીવિષયક પૈકી કયા પ્રકારની છે તેમજ ખુલ્લો પ્લોટ છે કે બાંધકામવાળી મિલકત છે તે દર્શાવવામાં આવતું નથી તેમજ મિલકતની ચતુઃસીમા પણ લખવામાં આવતી નથી. જેના કારણે મિલકતના દસ્તાવેજની નોંધણી થયા બાદ પક્ષકાર દ્વારા હકકપત્રકમાં ફેરફાર કરાવવા માટેની કાર્યવાહી કરવામાં આવે ત્યારે ખુબ હાડમારીનો સામનો કરવો પડે છે.

જેથી, નોંધણી અર્થે રજુ થતા સ્થાવર મિલકતની તબદીલીના દસ્તાવેજોમાં મિલકતની સંપૂર્ણ અને સ્પષ્ટ ઓળખ થઈ શકે તે રીતે મિલકતનું વર્ણન,મિલકતનો પ્રકાર, સ્થિતિ, ચતુઃસીમા દર્શાવવા ઉપરાંત મિલકતનો ફોટો પણ દસ્તાવેજના ભાગ તરીકે રાખવામાં આવે તો તેનાથી પક્ષકારને પોતાની મિલકત કયા વિસ્તારમાં અને કેવી સ્થિતિમાં આવેલ છે તેનો ખ્યાલ આવી શકે અને મિલકત ખરીદ/વેચાણમાં છેતરપીડી થવાની શકયતા પણ ઘટે તથા વહીવટમાં વધુ પારદર્શકતા આવે અને તે વિશાળ જાહેર હિત માટે સ્તુત્ય અને હિતાવહ જણાય છે.

જેથી,ઉપરોકત દસ્તાવેજોમાં મિલકતના એક સાઈડેથી (Side View) તથા સામેની બાજુથી (Front View) લીધેલ ૫''×૭'' સાઈઝના કલર ફોટોગ્રાફને મિલકતના વર્ણનવાળા પૃષ્ઠ પછી તરત આવતા પૃષ્ઠ ઉપર ચોંટાડી,સંબંધિત પક્ષકારોએ પોતાની સહી દ્વારા સ્વયંપ્રમાણિત કરી દસ્તાવેજના ભાગ તરીકે નીચે દર્શાવેલ નમૂનામાં જોડવાનો રહેશે.

: મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :



મિલકતનું પોસ્ટલ સરનામું :

મિલકત રાખનારની સહી ..............

મિલકત તબદીલ કરનારની સહી ..............

સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

(સહી)/-
**નોંધણી સર નિરીક્ષક**
**ગુજરાત રાજ્ય,ગાંધીનગર**

**પ્રતિ,**
સબરજીસ્ટ્રારશ્રી (તમામ)
(મારફત–સંબંધિત નોંધણી નિરીક્ષકશ્રી)
**નકલ સવિનય રવાના :**
સંયુકત સચિવશ્રી(સ્ટેમ્પ),મહેસુલ વિભાગ,હ.૧ શાખા,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ
**નકલ રવાના :**
(૧) નોંધણી નિરીક્ષકશ્રી,તમામ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૨) નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર,તમામ તરફ જાણ થવા સારૂ.
(૩) મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી,વહટ/ફોટો/એ.જી.તરફ જાણ થવા સારૂ.
(૪) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.
(૫) નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગરની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ થવા સારૂ.

રવાના કર્યુ
નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય,ગાંધીનગર